દ્વારકા જિલ્લા કક્ષાના ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભાણવડ ખાતે ઉજવણી

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ ખાતે જિલ્લા કક્ષાના ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી જિલ્લા કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ ધ્વજવંદન કરી રાષ્ટ્રની શાન સમા રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ પોલીસ અધિક્ષક શ્રી જયરાજસિંહ વાળા સાથે પરેડ નિરીક્ષણ કર્યું હતું.

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે દેવભૂમિ દ્વારકા જિલ્લાવાસીઓને શુભેરચ્છાઓ પાઠવતા જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ જણાવ્યું હતું કે, આપણી ભારતભૂમિ મહાત્મા ગાંધી અને સરદાર પટેલ સહિત રાષ્ટ્રની મહામૂલી આઝાદી માટે પોતાનું બલિદાન આપનારા લડવૈયાઓની ધરતી છે. જેમના બલિદાનો પછી આપણને સ્વંતત્રતા મળી છે ત્યારે આવા સ્વાતંત્ર્યવીરોને આજે આપણે નમન કરી તેઓની શહાદતને યાદ કરીએ છીએ. વર્ષ ૧૯૫૦માં આપણા ભારત દેશે પોતાનું આગવું બંધારણ સ્વીકારી પ્રજાનું સુશાસન પ્રાપ્ત કર્યુ તેની ગરીમાની ગાથા ગર્વભેર ગાવાનો આ પવિત્ર અવસર છે.

વધુમાં કલેકટરએ કહ્યું કે, ૨૬ જાન્યુઆરી ૧૯૫૦નો દિવસએ ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલો છે, કારણ કે આ દિવસે ભારતના બંધારણને અમલી બનાવી ભારતને ખરા અર્થમાં એક 'પ્રજાસત્તાક રાષ્ટ્ર' તરીકે સ્થાપિત કરવામાં આવ્યો હતો. ડો.બાબાસાહેબ આંબેડકર જેવા સંવિધાન નિષ્ણાંત અને વિદ્વાનો દ્વારા બનાવવામાં આવેલા આ શ્રેષ્ઠ બંધારણ થકી ભારતની પ્રજાસત્તાક લોકશાહી વધુ સુદ્રઢ બની છે. આપણા ભારતનું બંધારણ વિશ્વના લોકતાંત્રિક દેશો માટે પણ આદર્શરૂપ રહ્યું છે. વધુમાં કલેકટરશ્રીએ કહ્યું કે, આપણુ બંધારણ આપણા ભારતના લોકોથી શરૂ થાય છે. વી ધ પીપલ ઓફ ઇન્ડિયા, આપણે ભારતના લોકો જ આની તાકાત છીએ. આપણે જ તેની પ્રેરણા છીએ અને આપણે જ તેનો ઉદ્દેશ્ય છીએ. હું જે કઇ પણ છું તે સમાજ માટે છું, દેશ માટે છું. આ જ કર્તવ્યભાવ આપણી પ્રેરણાનો સ્ત્રોત છે. આપણે સૌ મળીને ભારતના એક જવાબદાર નાગરિક તરીકે આપણા કર્તવ્યોનું પાલન કરીએ.

કલેકટરએ કહ્યું કે, ગણતંત્ર દિવસને માત્ર સંવિધાન લાગુ કરવાના રૂપમાં જોવા કરતા સંવિધાનમાં દર્શાવેલા કર્તવ્યો, અધિકારો અને સંરક્ષણો સાથે જોડવો જોઈએ. ૨૬મી જાન્યુઆરી, આ બસ એક તારીખ નથી, દેશની આત્મનિર્ભરતા, સ્વતંત્રતા અને લોકતંત્રના પ્રતિ આપણી પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. આપણા ભારતનું સંવિધાન દુનિયાનું સૌથી મોટું લેખિત સંવિધાન છે. સંવિધાને દરેક નાગરિકને સમાનતા, સ્વતંત્રતાઅને ન્યાયનો અધિકાર આપ્યો છે. સાહસિકતા, અહિંસા, સત્યપ્રિયતા, ન્યાયપ્રિયતાએ ગુજરાતની પ્રજા અને ગુજરાતની ધરતીની આગવી ખાસિયત રહી છે અને વિશ્વભરમાં તેની પ્રતિષ્ઠા છે. અહિંસા એ કાયરતા નથી અને તેની શક્તિ કેટલી પ્રબળ હોય છે તે પણ આ જ ધરતી, અહીંના લોકોએ પૂરવાર કરી આપ્યું છે. નાગરિકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી તેને રચનાત્મક વિકાસની દિશામાં કામે લગાડી સહિયારા પુરૂષાર્થ દ્વારા સર્વાંગી પરિવર્તન આપણે સાધવું છે. કલેકટરએ કહ્યું કે, વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રને સશક્ત અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે અનેક પગલાંઓ લઈ સર્વાંગી વિકાસની પ્રેરણા પૂરી પાડી છે. હાલના આધુનિક સમયમાં સ્વદેશી વસ્તુઓના ઉપયોગ થકી આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા માટે આપણે સૌએ સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ અને રાષ્ટ્રને આર્થિક રીતે મજબૂત બનાવવામાં યોગદાન આપવું જોઈએ.

વડાપ્રધાનના વિઝન અને મુખ્યમંત્રીના નેતૃત્વમાં વર્ષ ૨૦૩૦માં ગુજરાત કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થનાર છે જે આપણા સૌ માટે ખૂબ જ ગૌરવની વાત છે. જેના પરિણામે આપણે સૌ રમત ગમત ક્ષેત્રે ખાસ રુચિ લઈ રમત ગમત ક્ષેત્રે જાગૃતતા કેળવાઈ અને કોમનવેલ્થ ગેમ્સમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાનું વધુમાં વધુ ભાગીદારી સુનિશ્ચિત થાય તેવા પ્રયત્નો કરવાના છે.

ભગવાન દ્વારકાધીશની પાવન ભૂમિ દેવભૂમિ દ્વારકા જિલ્લો સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશમાં પૌરાણિક, ઐતિહાસિક, પુરાતત્વીય, સામાજિક, આર્થિક અને કૃષિક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતો જિલ્લો છે. તેની આગવી ભાતીગળ લોકસંસ્કૃતિ અને લોકજીવનના કારણે વધુ ખ્યાતિ પામ્યો છે. છેલ્લા થોડા વર્ષોમાં દેવભૂમિ દ્વારકા શ્રદ્ધાળુઓ માટે ખૂબ જ માનીતું આસ્થાનું કેન્દ્ર બન્યું છે. છેલ્લા થોડા વર્ષોમાં પ્રવાસીઓનો વધો પ્રવાહ દેવભૂમિ દ્વારકા જિલ્લાને ટૂરિસ્ટો માટે ફેવરિટ ડેસ્ટિનેશન બનવાની દિશામાં પ્રોત્સાહિત કરી રહ્યું છે. માત્ર પ્રવાસન જ નહીં કૃષિ, ઉદ્યોગ, રિન્યુએબલ એનર્જી સહિત તમામ ક્ષેત્રે સર્વાંગી વિકાસની દિશામાં જિલ્લો અગ્રેસર બની રહ્યો છે.

ભાણવડ ખાતે ૭૭માં પ્રજાસત્તાક પર્વની આન,બાન અને શાન સાથે થયેલી ઉજવણીમાં ધારાસભ્ય મુળુભાઈ બેરા, જિલ્લા વિકાસ અધિકારી એ.બી.પાંડોર, પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક હેતલ જોશી, નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતા, સાગર રાઠોડ, પ્રાંત અધિકારી કે.કે.કરમટા, નગરપાલિકા પ્રમુખ શ્રી પ્રિયેશભાઈ અનડકટ, અગ્રણી સગાભાઈ રાવલિયા, અજય કારાવદરા સહિત બહોળી સંખ્યામાં નાગરિકો, વિધાર્થીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સિક્કામાં વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી

સિક્કા : ૨૬ જાન્યુઆરી એટલે આપણા ભારતનો બંધારણીય દિવસ ગણાય છે આ દિવસે આપણા ભારત દેશનું બંધારણ, લોકશાહી, ન્યાય, સમાનતા, તેમજ સાર્વભૌમત્વનું શાશ્વત વચન ઉજવીએ છીએ. ત્યારે સિક્કા ગામમાં જુમ્માભાઈ કિશાન પોલ્ટ્રી ફાર્મ વાળાને ત્યાં ધ્વજ વંદન ફરકાવવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રણવરાજ સ્કૂલના સંચાલક એન.સી. જાડેજા પ્રિન્સીપાલ અકબર જામ દ્વારા ધ્વજ વંદન કરવામાંમાં આવ્યું. અને સિક્કા નગર પાલિકા સંચાલિત સિક્કા માધ્યમિક શાળામાં પ્રિન્સીપાન વરુના નેજા હેઠળ ધ્વજ વંદન કરવામાંમાં આવ્યું હતું. તેમજ સિક્કા પોલીસ સ્ટેશનના પી.આઈ. ચાવડાના નેજા હેઠળ ધ્વજવંદન કરવામાં આવ્યું. તથા દિગ્વિજય ગ્રામ શ્રી ડીસીસી ટેકનિકલ હાઈસ્કૂલમાં કંપનીના CEO ક્રિષ્ન કુમારના નેજા હેઠળ કંપનીના સ્ત્સુરેશ મહેરના હસ્તે ધ્વજ વંદન કરવામાંમાં આવ્યું હતું. ઉપરોક્ત તમામ કાર્યક્રમમાં સિક્કા ગામના સામાજિક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહી આ અવસરને હળી મળીને ઉજવ્યો હતો.

શિવરાજપુર બીચ પર કચરો ફેંકવા, પ્લાસ્ટીક વપરાશ પર પ્રતિબંધ



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકામાં આવેલ શિવરાજપુર બીચ બ્લ્યુ ફલેગનું સર્ટિફીકેટ ધરાવતો હોય નિયમાનુસાર જાળવણી હેતુ દેવભૂમિ દ્વારકા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા કેટલાક પ્રતિબંધો લગાવ્યા છે જે અનુસાર શિવરાજપુર બીચ પર પાંચ (૫) કિમી ત્રિજ્યામાં નિર્ધારિત વિસ્તાર પર પ્લાસ્ટીકના ઉપયોગ કે વપરાશ, કચરો ફેંકવા, કેમ્પેઈન કરવા પર પ્રતિબંધ. લગાવ્યો છે. ઉપરાંત નિયત સ્વીમ એરીયામાં વોટર સ્પોર્ટ્સ કે ફીશીંગની મનાઈ કરવામાં આવી છે. આ જાહેરનામું તા.૨૫-૩-૨૦૨૬ સુધી અમલમાં રહેશે જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

દ્વારકાના કુરંગા સ્થિત RSPL ઘડી કંપની દ્વારા શાળાઓના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત

દ્વારકા : ૭૭માં પ્રજાસત્તાકના અવસરે દ્વારકાના કુરંગા સ્થિત RSPL ઘડી કંપની દ્વારા CSR (RSPL વેલ્ફેર ફાઉન્ડેશન) દ્વારા દ્વારકા જિલ્લાની અંદાજિત ૩૫ જેટલી શાળાઓના અંદાજે ૭૨૦ જેટલા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ટ્રોફી આપી અને સન્માનિત કરવામાં આવ્યા. આ આયોજન અંતર્ગત શાળાકીય પરીક્ષા મા ૧ થી ૩ ક્રમ પ્રાપ્ત કરનારા પ્રતિભાશાળી અને તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની મહેનત માટે સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમોમા RSPL ઘડી કંપનીના કર્મચારીઓએ વિદ્યાર્થીઓને પ્રેરણા આપી અને તેમને શિક્ષણના મહત્વને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો અને સાથે જ, આચાર્ય અને વાલીઓએ પણ વિદ્યાર્થીઓને તેમના જીવનમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે પ્રેરણા આપી. આ અવસરે, RSPL ઘડી કંપનીના પ્રોત્સાહન અને સહયોગના દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની પ્રગતિની નવી દિશા અને ઉમંગ પ્રાપ્ત કરશે તેવું શાળાઓના આચાર્યઓ, શિક્ષકો અને આગેવાનોએ જણાવ્યું હતું. શિક્ષણ અને સામાજિક જવાબદારીને સૌથી આગળ રાખીને અનેક પ્રકારના સેવાકીય કાર્યો કરનાર RSPL ઘડી કંપની અને તેના કર્મચારીઓનો શાળાના આચાર્યઓ, શિક્ષકો, આગેવાનો અને વાલીઓ એ પોતાની પ્રશંસાના શબ્દો સાથે આભાર વ્યક્ત કર્યો હતો.

વરવાળા ખાતે સેન્ટ આન્સ સ્કૂલમાં પ્રજાસતાક પર્વની ઊજવણી

દ્વારકા : દ્વારકાના વરવાળા સ્થિત સેન્ટ આન્સ હાઈસ્કૂલમાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન પુષ્પાબેન બારાઈ, સીસ્ટર્સ, હેડ ગર્લ તથા શિક્ષકો સાથે દીપ પ્રાગટય અને પ્રાર્થના દ્વારા તેમજ વિદ્યાર્થીનીઓએ નૃત્ય દ્વારા ભગવાનની આરાધના કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યારબાદ પુષ્પાબેન બારાઈના વરદહસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવેલ ત્યારે ઉપસ્થિત સૌએ રાષ્ટ્રગીતનું ગાન કરીને તથા વિદ્યાર્થીઓએ પરેડ કરીને દેશભક્તિ ફેલાવી દીધી હતી. આ કાર્યક્રમમાં શાળાના નાના-નાના ભૂલકાઓએ રાષ્ટ્રગીત પર નૃત્ય તેમજ ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ દેશભક્તિની કૃતિ આધારિત અલગ-અલગ નૃત્ય તથા ગાન સાથે શાળાના પટાંગણને દેશભક્તિના રંગે રંગી દીધેલ.

ઓખાના પીએસઆઈની બદલી થતા હોમગાર્ડ યુનિટ દ્વારા વિદાય સમારોહ યોજાયો

ઓખા : ઓખા ખાતે હોમગાર્ડ યુનિટ ઓખા દ્વારા ઓખા પી.એસ.આઈ ની બદલી થતા વિદાય સમારોહ રાખવામાં આવેલ હતો.

ઓખા ખાતે ફરજ બજાવતા પી.એસ.આઈ આર આર ઝરૂને ઓખા હોમગાર્ડ યુનિટ દ્વારા સાફો પહેરાવી તેમજ દ્વારકાધીશની છબી મોમેન્ટો આપી વિદાય આપવામાં આવેલ.આ તકે ઓખા હોમગાર્ડ યુનિટના ઓફીસ ઈનચાર્જ પ્રલયભાઈ માંડલિયા તેમજ સ્ટાફ દ્વારા સન્માન કરવામાં આવેલ. ત્યારે ઓખા પી.એસ.આઈ આર.આર. ઝરૂએ પણ ઓખા હોમગાર્ડ યુનિટના જવાનોનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે બધાની કામગીરીથી ખૂબ સંતુષ્ટ છું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ઓખા યુનિટના ઈનચાર્જ પ્રલયભાઈ માંડલિયા અને સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

દ્વારકાધીશ મંદિર આસપાસ તમાકુ ઉત્પાદન વેચાણ અને સેવન પર પ્રતિબંધ

દ્વારકા : યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ મંદિરે આવતા યાત્રાળુઓના આરોગ્ય પર તમાકુયુકત નશીલા પદાર્થોના વેચાણને કારણે અપ્રત્યક્ષ અસર થતી જોવા મળે છે. આ નશીલા પદાર્થોનું સેવન કરતા લોકો દ્વારા પાન મસાલા, તમાકુ, ગુટખાનું સેવન કરી મંદિર પરિસર તથા તેની આજુબાજુના વિસરોમાં થૂંકીને ગંદકી ફેલાવાનું ધ્યાને આવતા પોલીસ અધિક્ષક દેવભૂમિ દ્વારકા દ્વારા કરાયેલ દરખાસ્ત અન્વયે જિલ્લા પોલીસ અધિક્ષકના હકારાત્મક અભિપ્રાયને ધ્યાનમાં લઈ દેવભૂમિ દ્વારકા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા હેઠળ મળેલ સત્તની રૂએ જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે. આ જાહેરનામા અનુસાર દ્વારકાધીશ મંદિરની ૧૦૦ મીટરની ત્રિજ્યા સુધીના વિસ્તારમાં પાન-મસાલા, તંબાકુ, ગુટખા, સિગરેટ વગેરેના વેચાણ, ખરીદી અને સેવન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરાનામું તા.૨૫-૦૩-૨૦૨૬ સુધી અમલમાં રહેશે અને તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

વોર્ડ નં. ૧૨ના નગરસીમ વિસ્તારમાં સી.સી.રોડના કામનું ખાતમુહૂર્ત

જામનગર : ગત તા. ૨૦-૧ મંગળવારના રોજ વોર્ડ નંબર ૧૨ નગરસીમ વિસ્તારમાં આવેલ અમન સોસાયટીમાં શેરી નંબર ૩માં અંદાજિત રૂપિયા ૧૦ લાખના ખર્ચે સી.સી.રોડના કામનું ખાતમુહૂર્ત પૂર્વ વિરોધપક્ષ નેતા અને કોર્પોરેટર અસલમભાઈ ખીલજી, કોર્પોરેટર વકીલ જેનબબેન ખફી તથા સંધી સમાજના પ્રમુખ હાજી રીઝવાનભાઈ જુણેજા દ્વારા કરવામાં આવ્યું હતું..

આ તકે વકીલ ફૈઝલભાઈ ચરીયા, વકીલ તારમામદ સમા, વકીલ સમીરભાઈ બ્લોચ, જાકીર સર પંજા, અનવરભાઈ ખીલજી, શાહનવાઝભાઈ ખીલજી, નદીમભાઈ ખીલજી, રેહાનભાઈ બેલીમ, હનીફભાઈ પંજા, અસગરભાઈ શેખ તથા સ્થાનિક મહિલાઓ સહિત રહેવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સી.સી.રોડના કામથી સ્થાનિકોમાં ખુશીની લહેર જોવા મળી છે અને લાંબા સમયની હાલાકીનો અંત આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

જામનગરમાં કિશન ભરવાડને હિન્દુ સેના દ્વારા પુષ્પાંજલિ

જામનગર : આજના સમયે સનાતન હિંદુત્વનું કામ કરવું એટલે જીવના જોખમ પર કામ કરવું એ સાબિત થઈ ચૂક્યું છે. ૨૫ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ સનાતન ધર્મના પ્રચાર માટે ધંધુકા ગામના કિશન ભરવાડ પોતાના વિડિયો સ્ટેટસમાં મૂકી અને પોતાના ભગવાનના ગુણ ગાતો હતો, ત્યારે જેહાદી માનસિકતા ધરાવનારાઓ ના પેટમાં તેલ રેડાયું અને કિશન ભરવાડ પર ફરિયાદ દાખલ કરાવી એટલું જ નહીં ફરિયાદ કર્યા પછી તેમનો માફી પત્ર પણ લખાવ્યું અંતે જેહાદી માનસિકતા ધરાવનારાઓએ કિશન ભરવાડની હત્યા કરી દીધી, જે સરેઆમ અવગણના પાત્ર છે. હિન્દુ સેના આ હત્યાને ક્યારેય પણ ભૂલી શકશે નહીં.

ગુજરાતના ધંધુકામાં કિસાન ભરવાડની થયેલી હત્યા એક ધર્મ આધારિત હત્યા હિન્દુ સેનાએ ગણાવી તેમને ઝડપી ન્યાય માટે અને ફાંસીની સજા માટે માંગણી કરી છે.આ સમયે જામનગરમાં પણ હિન્દુ સેના દ્વારા કિશન ભરવાડના આત્માને શાંતિ મળે અને આ દિવસને સદા માટે યાદગાર રાખવા પુષ્પાંજલિ હિન્દુ સેના કાર્યાલયે રાખેલ હતી. જેમાં હિન્દુ સેના સૌરાષ્ટ્ર મંત્ર મયુર ચંદન, જિલ્લા પૂર્ણકાલીન કિશન નંદા, ગુંજ કાર્યા, કુમાર ચાવડા, અજય પરમાર, દીપ ચાંદલીયા, હેપી પ્રજાપતિ, ચિરાગ ભટ્ટ સહિત અનેક સૈનિકોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ટ્રાફિક શાખા અને આરટીઓ દ્વારા અકસ્માત અંગે જાગૃતિ કેમ્પ યોજાયો

જામનગર : નેશનલ રોડ સેફ્ટી-૨૦૨૬ અંતર્ગત ટ્રાફિક શાખા જામનગર તથા આર.ટી.ઓ. જામનગર દ્વારા સિનર્જી પ્રાઇવેટ લીમીટેડ કંપની સાથે સંકલન કરી હેવી તથા મોટા વાહનોના ડ્રાઇવરોને અકસ્માત ટાળવાના હેતુથી તેમજ સલામતી જળવાઈ રહે તે બાબતે તથા હાઈવે ઉપર હેવી વાહન ચલાવવા બાબતે પ્રોજેક્ટરના માધ્યમથી પિકચર બતાવી બ્લાઈન્ડ સ્પોટ અને લેન ડ્રાઈવિંગ અંગે સંપૂર્ણ તાલીમનું આર.ટી.ઓ કચેરી જામનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંખ્યાબંધ ડ્રાઈવરોના આંખોની તપાસણી માટે કેમ્પનું આયોજન કરી સ્થળ ઉપર જ ચશ્મા બનાવી વિતરણ કરવામાં આવ્યા હતાં અને તમામ ડ્રાઈવરોને હાઈવે ઉપર વાહન ચલાવતી વખતે સલામતી અને સુરક્ષા જળવાઈ રહે તે માટે તાલીમ આપવામાં આવી હતી.